
વારંવાર

પૂછાતા

પ્રશ્નો

# માતાપિતા અથવા વાલીઓ માટે માહિતી




**પૅન્સિલવેનિયા સિસ્ટમ ઑફ સ્કૂલ અસેસમેન્ટ (PSSA)**

ઇંગ્લિશ લૅન્વિજ આર્ટ્સ અસેસમેન્ટ, એપ્રિલ 9-13, 2018

ગણિતનું મૂલ્યાંકન, એપ્રિલ 16-20, 2018

વિજ્ઞાનનું મૂલ્યાંકન, એપ્રિલ 23-27, 2018

**PSSA વિશે સામાન્ય માહિતી**

**કઈ શાળાઓ ભાગ લે છે?**

બધા શાળાકીય જિલ્લાઓ અને ચાર્ટર સ્કૂલો મૂલ્યાંકનોમાં ભાગ લે છે. નૉન પબ્લિક અને ખાનગી શાળાઓ પણ સ્વૈચ્છિક રીતે ભાગ લઈ શકે છે,

**કયા વિદ્યાર્થીઓ મૂલ્યાંકનો કરાવશે?**

વૈકલ્પિક મૂલ્યાંકનમાં સહભાગિતા માટે ચોક્કસ માપદંડો પૂરા કરતા કેટલાંક અત્યંત ઓછા વિદ્યાર્થીઓને બાદ કરતાં નીચે આપેલા રૂપરેખા પ્રમાણેનાં મૂલ્યાંકનોમાં બધા વિદ્યાર્થીઓને સામેલ કરવામાં આવે છે:

ELA & ગણિત-ગ્રેડ્સ 3, 4, 5, 6, 7, અને 8

વિજ્ઞાન-ગ્રેડ્સ 4 અને 8

**મૂલ્યાંકનોમાં શું માપવામાં આવશે તેનો નિર્ણય કોણે લીધો?**

પૅન્સિલવેનિયામાં શિક્ષણનાં બધાં સ્તરોના કેળવણીકારોના સમૂહોએ જ્ઞાન અને કૌશલ્યોનાં એવાં ક્ષેત્રો પસંદ કર્યાં જેના પર આ મૂલ્યાંકનો આધારિત છે. સમૂહોમાં શિક્ષકો, નિરીક્ષકો, અભ્યાસક્રમના નિર્દેશકો અને કૉલેજના નિષ્ણાતોનો સમાવેશ કરાયો હતો. તેઓએ કસોટીની આઇટમોની સમીક્ષા, સંપાદન પણ કર્યાં અને તેને મંજૂરી પણ આપી.

**મૂલ્યાંકનો કોણ આપે છે?**

જે વ્યક્તિ (લોકો) મૂલ્યાંકન આપશે તેમની પસંદગી દરેક શાળા કરે છે. મોટાભાગના કેસોમાં વિદ્યાર્થીના બિલ્ડિંગમાં શિક્ષકો હોય છે.

**પરિણામો કઈ રીતે જણાવવામાં આવે છે?**

બધાં મૂલ્યાંકનો માટે વિદ્યાર્થીના વ્યક્તિગત અહેવાલની બે નકલો એવી બધી શાળાઓ અને જિલ્લાઓને મોકલવામાં આવશે, જે માતાપિતા, શિક્ષકો, શાળાના કાઉન્સેલરો અને/અથવા આચાર્યોને વિતરણ માટે ભાગ લે છે. વ્યક્તિગત નામોનો સમાવેશ કરાયો હોય એવા કોઈ અહેવાલો રાજ્યને મળશે નહિ.

અભ્યાસ અઅને આયોજનના હેતુઓ માટે શાળા સ્તરના અહેવાલોનો ઉપયોગ થશે. શાળાકીય જિલ્લાઓ અને ચાર્ટર સ્કૂલો દરેક શાળા માટે PSSA પરીક્ષાનાં પરિણામો પ્રકાશિત કરી શકે છે. રાજ્ય જે તે શાળા પ્રમાણે મૂલ્યાંકનનો ડેટા પણ જાહેર કરશે.

**શું માતાપિતા મૂલ્યાંકનો જોઈ શકે?**

હા એક પરિસ્થિતિમાં જોઈ શકે. રાજ્યનું મૂલ્યાંકન માતાપિતાની ધાર્મિક માન્યતામાં અવરોધ સર્જે છે કે નહિ તે નક્કી કરવા માટે પરીક્ષા માટેનું સાહિત્ય મળે તે સમયથી માંડીને મેક-અપ શેડ્યુલના અંત સુધીમાં માતાપિતા અથવા વાલીઓ માટે અનુકૂળ સમયગાળા દરમિયાન શાળાકીય સંસ્થામાં રાજ્યના મૂલ્યાંકનની સમીક્ષા કરવાનો અધિકાર માતાપિતા કે વાલીને મળે તેની ખાતરી કરવા માટેની નીતિઓ શાળાકીય સંસ્થાઓમાં હોય તે જરૂરી છે. વિનિયમ હેઠળ માન્ય આ એકમાત્ર કારણ છે ગુપ્તતાની સમજૂતીઓમાં સહી કરવાની રહેશે અને મૂલ્યાંકનો અથવા મૂલ્યાંકન વિશેની નોંધોની કોઈ નકલો શાળાની બહાર ન જવા દેવામાં આવશે નહિ. જો પરીક્ષાની સમીક્ષા કર્યા બાદ માતાપિતા અથવા વાલીઓને એવું લાગે કે પરીક્ષા તેમની ધાર્મિક માન્યતા માટે નડતરરૂપ બને છે અને તેમના વિદ્યાર્થી(ઓ)ને પરીક્ષામાંથી બાકાત રાખવામાં આવે એવી ઇચ્છા વ્યક્ત કરે તો સંબંધિત શાળાકીય જિલ્લાના નિરીક્ષક, ચાર્ટર સ્કૂલના મુખ્ય કાર્યકારી અધિકારી, અથવા AVTS નિર્દેશકને લેખિત વિનંતી કરવાથી માતાપિતા અથવા વાલીઓના અધિકારને નકારવામાં આવશે નહિ. પરીક્ષાની સમીક્ષા કરવા માટેની વ્યવસ્થાઓ કરવા માતાપિતા અથવા વાલીઓએ તેમના બાળકની શાળાનો સંપર્ક કરવો જોઈએ

**પરીક્ષાની અનિયમિતતાઓ અંગે જાણ કરવી**

પરીક્ષામાં ગરબડ થઈ હોઈ શકે એવું માનતાં માતાપિતા/વાલીઓ આ ઘટના અંગે જાણ કરવા માટે ra-ed-pssa-keystone@pa.gov પર ઇમેલ કરી શકે છે અથવા 844-418-1651 પર કૉલ કરી શકે છે

**ઇંગ્લિશ લૅન્વિજ આર્ટ્સ મૂલ્યાંકન વિશેની માહિતી (ગ્રેડ્સ 3થી 8)**

**મૂલ્યાંકનમાં કેટલો સમય લાગે છે?**

ઇંગ્લિશ લૅન્વિજ આર્ટ્સનું સમગ્ર મૂલ્યાંકન પૂરું થવામાં આશરે ત્રણથી ચાર કલાક લાગે છે. તમારો શાળાકીય જિલ્લો તમને મૂલ્યાંકનના સમયપત્રક વિશે જાણ કરશે.

**મૂલ્યાંકનમાં શાનો સમાવેશ થાય છે?**

દરેક વિદ્યાર્થી ઇંગ્લિશ લૅન્વિજ આર્ટ્સ મૂલ્યાંકન માટે પ્રશ્નોના ત્રણ વિભાગો પૂરા કરશે. અમુક વિભાગો બધા વિદ્યાર્થીઓ માટે સમાન રહેશે અને અમુક વિભાગો વિવિધ પ્રશ્નોના સમૂહોના બનેલા હશે.

**મૂલ્યાંકનમાં કેવા પ્રકારના પ્રશ્નો હોય છે?**

વિદ્યાર્થીઓ હેતુલક્ષી, પુરાવા આધારિત પસંદગીના જવાબ અને રચેલા જવાબોના પ્રશ્નોના પ્રતિસાદ આપે છે. હેતુલક્ષી પ્રશ્નમાં સાચો(ચા) જવાબ(બો) ચાર વિકલ્પોમાંથી પસંદ કરવાના હોય છે. પુરાવા આધારિત પસંદ કરાતા જવાબના પ્રશ્નોના બે ભાગો છે અને વિદ્યાર્થીઓ દરેક ભાગ માટે એક કે વધુ જવાબો પસંદ કરે છે. રચેલા પ્રતિસાદના પ્રશ્નોમાં ટૂંકા જવાબ (ગ્રેડ 3) અથવા પાઠ્ય આધારિત વિશ્લેષણ (ગ્રેડ 4થી 8)નો સમાવેશ થઈ શકે છે, ટૂંકા જવાબોવાળા પ્રશ્નો માટે વિદ્યાર્થી પોતાના જવાબના સમર્થનમાં ટૂંકો જવાબ તૈયાર કરે તે જરૂરી બને છે. પાઠ્ય આધારિત વિશ્લેષણના પ્રશ્ન માટે વિદ્યાર્થી લખાણનું વિશ્લેષણ કરે છે અને નિબંધ તૈયાર કરવા માટે વાંચનના ફકરામાંથી પુરાવાનો ઉપયોગ કરે છે.

**રચેલા જવાબની આઇટમોના લેખિત જવાબો કઈ રીતે સ્કોર કરવામાં આવે છે?**
ઇંગ્લિશ લૅ◌ંગ્વિજ આર્ટ્સ માટેના લેખિત જવાબો ELA માટે સ્કોરિંગની વિશિષ્ટ માર્ગદર્શિકા લાગુ કરવામાં તાલીમ પામેલા મૂલ્યાંકનકારો દ્વારા સ્કોર કરવામાં આવે છે. ટૂંકા જવાબવાળા પ્રશ્નો માટે સ્કોર માત્ર વિષયવસ્તુ પર જ આધારિત હોય છે. સ્કોરિંગની પ્રક્રિયાના ભાગ તરીકે જોડણી અને વિરામચિહ્નોનો સમાવેશ કરવામાં આવતો નથી. વિષયવસ્તુ અને લેખન એ બંને કૌશલ્યોના આધારે લખાણ આધારિત વિશ્લેષણના પ્રશ્નોના જવાબોનો સ્કોર નક્કી કરવામાં આવે છે.

**ઇંગ્લિશ લૅંગ્વિજ આર્ટ્સમાં શાનું મૂલ્યાંકન કરવામાં◌ આવે છે?**
ઇંગ્લિશ લૅંગ્વિજ આર્ટ્સ મૂલ્યાંકન રિપોર્ટિંગના છ મુખ્ય વર્ગો તેમજ લખાણના બે પ્રકારોને આવરી લે છે. વિદ્યાર્થીઓ ભાષાનું મૂલ્યાંકન કરતી સ્વતંત્ર હેતુલક્ષી આઇટમોના જવાબ આપે છે. વધુમાં, વિદ્યાર્થીઓ સાહિત્ય અને સૂચનાપ્રદ વર્ગોમાંથી ઘણા ફકરાઓ વાંચે છે અને આ ફકરાઓ વિશેના પ્રશ્નોના જવાબો આપે છે જે અર્થગ્રહણ કરવાની સમજ અને વાંચનનાં કૌશલ્યો બંને સૂચવે છે અને વિવિધ પ્રકારનાં લખાણોનું વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતું વિશ્લેષણ અને અર્થઘટન દર્શાવે છે.

**ગણિતના મૂલ્યાંકન વિશેની માહિતી (ગ્રેડ 3થી 8)**
**મૂલ્યાંકનમાં કેટલો સમય લાગે છે?**
ગણિતનું સમગ્ર મૂલ્યાંકન પૂરું થવામાં આશરે <u>બેથી ત્રણ</u> કલાકનો સમય લાગે છે. તમારો શાળાકીય જિલ્લો તમને મૂલ્યાંકનના સમયપત્રક વિશે જાણ કરશે.

**મૂલ્યાંકનમાં શાનો સમાવેશ થાય છે?**
દરેક વિદ્યાર્થી ગણિતના મૂલ્યાંકન માટે પ્રશ્નોના <u>બે</u> વિભાગો પૂરા કરશે. અમુક વિભાગો બધા વિદ્યાર્થીઓ માટે સમાન રહેશે અને અમુક વિભાગો વિવિધ પ્રશ્નોના સમૂહોના બનેલા હશે.

**મૂલ્યાંકનમાં કેવા પ્રકારના પ્રશ્નો હોય છે?**
વિદ્યાર્થીઓ બે પ્રકારના પ્રશ્નોના જવાબ આપે છે: હેતુલક્ષી અને ખુલ્લા પ્રશ્નો. હેતુલક્ષી પ્રશ્નમાં ચાર રજૂ કરાયેલા વિકલ્પોમાંથી એક સાચો જવાબ પસંદ કરવામાં આવે છે, જ્યારે ખુલ્લા પ્રશ્નો માટે વિદ્યાર્થીઓ તેમના જવાબો તૈયાર કરે તે જરૂરી બને છે. ખુલ્લા પ્રશ્નોમાં વિદ્યાર્થીઓ પોતાના જવાબોના સમર્થનમાં સામાન્યપણે વિગતો પૂરી પાડવાની જરૂર પડે છે (જેમ કે ગણતરી પૂરી કરવા માટેનાં પગલાં બતાવવાં કે વર્ણવવાં).

**ખુલ્લા પ્રશ્નોની આઇટમોના લેખિત જવાબો કેવી રીતે ગણવામાં આવે છે?** ગણિત માટેની ખુલ્લી આઇટમોના લેખિત જવાબો ગણિત માટે સ્કોરિંગની વિશિષ્ટ માર્ગદર્શિકા લાગુ કરવામાં તાલીમ પામેલા મૂલ્યાંકનકારો દ્વારા સ્કોર કરવામાં આવે છે. ગણિત/સ્કોર વિષયવસ્તુ પર જ આધારિત હોય છે. સ્કોરિંગની પ્રક્રિયાના ભાગ તરીકે જોડણી અને વિરામચિહ્નોનો સમાવેશ કરવામાં આવતો નથી.

**ગણિતમાં શાનું મૂલ્યાંકન કરવામાં આવે છે?**
ગણિતનું મૂલ્યાંકન ચાર સમૂહોમાં રિપોર્ટિંગના પાંચ મુખ્ય વર્ગોને આવરી લે છે. મૂલ્યાંકન કરાયેલ રિપોર્ટિંગના વર્ગો અને રિપોર્ટિંગના દરેક વર્ગમાં પ્રશ્નોના પ્રમાણમાં ગ્રેડના સ્તર મુજબ ફેરફાર થાય છે. સમૂહ A, સંખ્યાઓ અને ક્રિયાઓના મૂલ્યાંકનના ભાગરૂપે ગ્રેડ 4થી 8માં વિદ્યાર્થીઓ કૅલ્ક્યુલેટર વિના પ્રશ્નોના સૅટનો જવાબ આપે છે. રચાયેલા જવાબોની આઇટમોમાં વિદ્યાર્થીઓ તેમનું બધું કામ બતાવે (દા.ત., ગણતરીઓ, આલેખો, ચિત્રો) અને/અથવા તેઓએ સમસ્યાઓનો ઉકેલ કઈ રીતે કાઢ્યો તે લેખિતમાં સમજાવે તે જરૂરી બની શકે છે.

**વિજ્ઞાનના મૂલ્યાંકન વિશેની માહિતી (ગ્રેડ 4થી 8)**
**મૂલ્યાંકનમાં કેટલો સમય લાગે છે?**
વિજ્ઞાનનું સમગ્ર મૂલ્યાંકન પૂરું થવામાં આશરે <u>એકથી બે</u> કલાકનો સમય લાગે છે. તમારો શાળાકીય જિલ્લો તમને મૂલ્યાંકનના સમયપત્રક વિશે જાણ કરશે.

**મૂલ્યાંકનમાં શાનો સમાવેશ થાય છે?**
ગ્રેડ 4 અને 8માં વિદ્યાર્થીઓ વિજ્ઞાનના મૂલ્યાંકન માટે પ્રશ્નોના બે વિભાગો પૂરા કરે છે. અમુક વિભાગો બધા વિદ્યાર્થીઓ માટે સમાન રહેશે અને અમુક વિભાગો વિવિધ પ્રશ્નોના સમૂહોના બનેલા હશે.

**મૂલ્યાંકનમાં કેવા પ્રકારના પ્રશ્નો હોય છે?**
વિદ્યાર્થીઓ બે પ્રકારના પ્રશ્નોના જવાબ આપે છે: હેતુલક્ષી અને ખુલ્લા પ્રશ્નો. હેતુલક્ષી પ્રશ્નમાં ચાર રજૂ કરાયેલા વિકલ્પોમાંથી એક સાચો જવાબ પસંદ કરવામાં આવે છે, જ્યારે ખુલ્લા પ્રશ્નો માટે વિદ્યાર્થીઓ તેમના જવાબો તૈયાર કરે તે જરૂરી બને છે. ગ્રેડ 8માં વિજ્ઞાનના મૂલ્યાંકનમાં વિજ્ઞાનની રૂપરેખાઓનો પણ સમાવેશ કરવામાં આવે છે.

**વિજ્ઞાનની શી રૂપરેખાઓ છે?**
વિજ્ઞાનની રૂપરેખાઓ લખાણ, ગ્રાફિક્સ, ચાર્ટ્સ અને/અથવા કોષ્ટકો ધરાવે છે અને ક્લાસના પ્રોજેક્ટ, પ્રયોગ અથવા અન્ય સમાન સંશોધનનાં પરિનામોને વર્ણવવા માટે આ તત્ત્વોનો ઉપયોગ કરે છે. હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપવા માટે વિદ્યાર્થીઓ વિજ્ઞાનની રૂપરેખાઓમાં જોવા મળતી માહિતીનો ઉપયોગ કરે છે.

**ખુલ્લા પ્રશ્નોની આઇટમોના લેખિત જવાબો કેવી રીતે ગણવામાં આવે છે?**
વિજ્ઞાન માટેની ખુલ્લી આઇટમોના લેખિત જવાબો વિજ્ઞાન માટે સ્કોરિંગની વિશિષ્ટ માર્ગદર્શિકા લાગુ કરવામાં તાલીમ પામેલા મૂલ્યાંકનકારો દ્વારા સ્કોર કરવામાં આવે છે. વિજ્ઞાનમાં સ્કોર માત્ર વિષયવસ્તુ પર જ આધારિત હોય છે. સ્કોરિંગની પ્રક્રિયાના ભાગ તરીકે જોડણી અને વિરામચિહ્નોનો સમાવેશ કરવામાં આવતો નથી.

**વિજ્ઞાનમાં શાનું મૂલ્યાંકન કરવામાં આવે છે?**
વિજ્ઞાન રિપોર્ટિંગના ચાર મુખ્ય વર્ગોન⍰ આવરી લે છે: વિજ્ઞાન, જીવવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને પૃથ્વવીતથા અવકાશ વિજ્ઞાનની પ્રકૃતિ. રિપોર્ટિંગના દરેક વર્ગમાં આઇટમોના પ્રમાણમાં ગ્રેડના સ્તર મુજબ ફેરફાર થાય છે.